## પેજ 3

# સેફ અલી ખાને મુંબઈમાં રૂ. 2.73 કરોડ વાર્ષિક ભાડા પર ઓફિસ ભાડે આપી



મુંબઈ, તા. 15. સીઆરઈ મેટ્રિક્સ દ્વારા મેળવેલા પ્રોપર્ટી રજિસ્ટ્રેશન દસ્તાવેજો મુજબ, અભિનેતા સેફ અલી ખાનએ મુંબઈમાં અંધેરી કુર્લા રોડ પર આવેલા બે કોમર્શિયલ યુનિટ્સ રૂ. 22.76 લાખના માસિક ભાડે આપ્યા છે. આ ઓફિસ સ્પેસનો રેરા કાર્પેટ એરિયા 5,692 ચોરસ ફૂટ છે. દસ્તાવેજો અનુસાર, લીવ અને લાયસન્સ કરાર 29 સપ્ટેમ્બર, 2026ના રોજ પાંચ વર્ષ માટે 10 મે, 2026થી 9 મે, 2031 સુધી નોંધવામાં આવ્યો હતો. આ યુનિટ દુર્વા ફિન્ટેક પ્રાઇવેટ લિમિટેડને ભાડે આપવામાં આવ્યું છે, જેનું પ્રતિનિધિત્વ ડિરેક્ટર વિકાસ મોહન સચદેવા કરી રહ્યા છે, જ્યારે સેફ અલી ખાન લાયસન્સર તરીકે સેવા આપી રહ્યો છે અને તેમના વકીલ દ્વારા ડીલ ફાઇનલ કરવામાં આવી છે.

# નુસરત ભરૂચાની કરોડરજ્જુની સફળ સર્જરી, ઘરે પરત ફરી



મુંબઈ, તા. 15 (PTI): અભિનેત્રી નુસરત ભરૂચા ઈન્ડોનેશિયાની રાજધાની બાલીમાં એક અકસ્માત બાદ કરોડરજ્જુમાં ફ્રેક્ચર થવાના થોડા દિવસો પછી સફળ સર્જરી બાદ ગુરુવારે ઘરે પરત ફરી છે. એમ તેમના પ્રવક્તાએ જણાવ્યું હતું.

એક નિવેદનમાં પ્રવક્તાએ જણાવ્યું હતું કે, અભિનેત્રી હાલમાં પોતાના ઘરે આરામ કરી રહી છે અને સાજા થવા તથા પોતાની તાકાત પાછી મેળવવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. પ્રવક્તાએ જણાવ્યું હતું કે, ''તેમના દુર્ભાગ્યપૂર્ણ અકસ્માત પછી મુશ્કેલ અને પડકારજનક તબક્કામાંથી પસાર થયા બાદ નુસરત ભરૂચાની કરોડરજ્જુની સર્જરી સફળતાપૂર્વક થઈ ગઈ છે. અમને એ જણાવતાં રાહત અનુભવાય છે કે સર્જરી સારી રીતે પાર પડી ગઈ છે અને તેમને હવે હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે.''

## સુપ્રીમ કોર્ટે રાજપાલ યાદવના ચેક બાઉન્સ વિવાદને મધ્યસ્થતા માટે મોકલ્યો, પાસપોર્ટ પરત મળશે



નવી દિલ્હી, તા. 15 (પીટીઆઈ): સુપ્રીમ કોર્ટે ગુરુવારે અભિનેતા રાજપાલ યાદવના લાંબા સમયથી ચાલી રહેલા ચેક બાઉન્સ વિવાદને મધ્યસ્થતા માટે મોકલી આપ્યો છે. કારણ કે, અભિનેતાએ તેની રજિસ્ટ્રીમાં 2 કરોડ રૂપિયા જમા કરાવી દીધા છે. ટોચની અલાકાતે ટ્રાયલ કોર્ટને યાદવને વિદેશમાં વ્યાવસાયિક પ્રતિબદ્ધતાઓ પૂરી કરવા માટે તેમના પર લાદવામાં આવેલી શરતોને આધીન તેમનો પાસપોર્ટ રિલિઝ કરવા પણ નિર્દેશ આપ્યો છે. ચીફ જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ જોયમાલ્યા બાગચીની બનેલી બેન્ચે જણાવ્યું હતું કે, જમા કરાયેલી રકમ અને પક્ષકારો દ્વારા ઉઠાવવામાં આવેલા મુદ્દાઓને ધ્યાનમાં રાખીને આ કેસનું મૈત્રીપૂર્ણ સમાધાન કરી શકાય છે. બેન્ચે જણાવ્યું, “અરજદારો (યાદવ અને તેમના પત્ની) દ્વારા રજિસ્ટ્રીમાં 2 કરોડ રૂપિયાની રકમ જમા કરાવવામાં આવી છે. ઉઠાવવામાં આવેલા મુદ્દાઓને જોતાં અમને લાગે છે કે મધ્યસ્થતા દ્વારા આ મામલાનો સૌહાર્દપૂર્ણ ઉકેલ આવી શકે છે.” સીજેઆઈએ જણાવ્યું હતું કે, વિવાદના સૌહાર્દપૂર્ણ ઉકેલની ખાતરી કરવા માટે તેઓ એકમાત્ર મધ્યસ્થીની નિમણૂક કરશે.

## સલમાનને શૂટિંગ દરમિયાન માથામાં ઈજા થઈ હતી



મુંબઈ, તા. 15. સલમાન ખાને બુધવારે શો ‘કોફી વિથ કરણ 9’માં જણાવ્યું હતું કે, ફિલ્મ ‘સુલતાન’ના શૂટિંગ દરમિયાન તેમના માથામાં ઈજા થઈ હતી. એક્ટરે જણાવ્યું હતું કે, તેમને હર્નિયાની તકલીફ થઈ અને તેમનો એક ખભો પણ ઈજાગ્રસ્ત થયો હતો. આ ઉપરાંત, તેમના ઘૂંટણ અને પીઠમાં પણ ઈજાઓ થઈ હતી. એક્ટરે ટ્રાઇજેમિનલ ન્યુરલજિયા અને બ્રેઇન એન્યુરિઝમનો પણ ઉલ્લેખ કર્યો હતો. સલમાને કહ્યું કે આ મુશ્કેલીઓ છતાં તે પોતાની સ્થિતિને ફિટ ન રહેવાનું બહાનું નથી માનતા. આ પહેલાં જૂન 2025માં ‘ધ ગ્રેટ ઇન્ડિયન કપિલ શર્મા શો’માં સલમાનએ જણાવ્યું હતું કે, તેમને એવી માલફોર્મેશનની સમસ્યા છે.

## ઇમરાન ખાનનો જન્મ યુએસમાં થયો હતો



મુંબઈ, તા. 15. અભિનેતા ઇમરાન ખાન, જેણે 10 ઓક્ટોબરના રોજ મુંબઈમાં મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર સામેના વિરોધ પ્રદર્શનમાં હાજરી આપી હતી, તેમને ભારત છોડવા માટે કહેવામાં આવ્યું છે. તાજેતરમાં મુંબઈમાં થયેલા પ્રદર્શનમાં ઇમરાનને પણ કસ્ટડીમાં પણ લેવામાં આવ્યો હતો. ઇમરાન એ સુપરસ્ટાર આમિર ખાનનો ભાણેજ છે. જેણે ‘જાને તૂ... યા જાને ના’થી લોકપ્રિયતા મેળવી હતી. આ અભિનેતાનો જન્મ યુએસમાં માતા નુઝહત ખાન (આમિરની બહેન) અને અનિલ પાલના ઘરે થયો હતો. તેમની અગાઉની ઘણી મુલાકાતોમાં ઇમરાને શેર કર્યું હતું કે, જ્યારે તેનો જન્મ થયો ત્યારે તેના માતા-પિતા બંને યુએસમાં ભણતા હતા, પરંતુ જ્યારે તે આશરે ૨ વર્ષનો હતો ત્યારે તેમના છૂટાછેડા થઈ ગયા હતા. 3 વર્ષની ઉંમરે તે તેની માતા સાથે મુંબઈ પાછો ગયો.





# ઇસ્તંબુલ જળબંબાકાર, 3નાં મોત

**ઘરો**-દુકાનો અને રસ્તાઓ જળમગ્ન થતાં જનજીવન ઠપ; ૧૯૮૫ પછીનો સૌથી વધુ વરસાદ નોંધાયો

ઇસ્તંબુલ, તા. 15 (AP) અધિકારીઓએ ગુરુવારે જણાવ્યું હતું કે, ભારે વરસાદને કારણે ઇસ્તંબુલમાં જનજીવન ઠપ થઈ ગયું છે. અનેક ઘરો અને રસ્તાઓ પાણીમાં ડૂબી ગયાં છે અને ઓછામાં ઓછા 3 લોકોનાં મોત નીપજ્યાં છે, બચાવકર્મીઓ રાતભર કામ કરતા રહ્યા હતા અને તેમના કાર્યસ્થળો પર ફસાયેલા સેંકડો લોકોને સુરક્ષિત સ્થળે પહોંચાડ્યા હતા.

બુધવાર રાત્રે પડેલા ભારે વરસાદને કારણે અનેક ઘરો અને દુકાનમાં પાણી ભરાઈ ગયાં હતાં અને રસ્તાઓ તથા અંડરપાસ જળમગ્ન થઈ ગયા હતા., તુર્કીના સૌથી મોટા શહેરમાં ટ્રાફિકની અરાજકતા સર્જાઈ હતી અને અનેક વાહનો ફસાયાં હતાં.

ઇસ્તંબુલના ગવર્નરની ઓફિસે ગુરુવારે શહેરમાં 3 લોકોનાં મોતની જાણ કરી અને જણાવ્યું કે અન્ય 4 લોકો લાપતા હોવાના અહેવાલ છે. સ્થાનિક મીડિયા અહેવાલો અનુસાર, ફાતિહ જિલ્લામાં પાણીથી ભરેલા એક પાર્કમાં પગ મૂકવાથી 14 વર્ષના કિશોરને કરંટ લાગ્યો હતો અને ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું અને સારિયર જિલ્લામાં એક ફૂટપાથ પર લપસી જવાથી 34 વર્ષના વ્યક્તિએ માથામાં ઈજા થતાં તેનું મોત થયું હતું. ગવર્નરની ઓફિસે જણાવ્યું કે ત્રીજા પીડિતનો મૃતદેહ કાગિથાને જિલ્લામાં અન્ય એક પાર્ક પાસેથી મળી આવ્યો હતો.

આંતરિક બાબતોના મંત્રી મુસ્તફા સિફ્ટસીએ જણાવ્યું હતું કે, પૂરના કારણે ફસાયેલા 2,700થી વધુ લોકોને સમગ્ર શહેરમાંથી સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા.

ઇસ્તંબુલ મેટ્રોપોલિટન મ્યુનિસિપાલિટીએ જણાવ્યું હતું કે, કેટલાક વિસ્તારોમાં 1985 પછીનો સૌથી વધુ વરસાદ નોંધાયો હતો.

# દિલ્હીની રામલીલામાં રાવણ સાથે દહન થશે ૩૦ ફૂટનું ‘કોકરોચ

**રાવણ** દહન સાથે કોકરોચનું પૂતળું સળગાવવાની તૈયારી

નવી દિલ્હી, તા. 15 (પીટીઆઈ): આ વર્ષે રાષ્ટ્રીય રાજધાનીની એક રામલીલામાં રાવણ, કુંભકર્ણ અને મેઘનાદનાં પૂતળાંઓની સાથે ૩૦ ફૂટ ઊંચું કોકરોચનું પૂતળું પણ સળગાવવામાં આવશે.

પીતમપુરામાં રામલીલાનું આયોજન કરતી કેશવ રામ લીલા સમિતિએ જણાવ્યું કે, આ કીડો ‘ગંદકી અને મેલ’નું પ્રતીક છે અને આ પહેલ ‘સ્વચ્છ ભારત’ અને ‘સ્વચ્છ દિલ્હી’ અભિયાનનો એક ભાગ છે.

સમિતિના પ્રમુખ અને ભાજપના ધારાસભ્ય અશોક ગોયલે જણાવ્યું હતું કે, આ નિર્ણય પાછળ કોઈ રાજકીય હેતુ નથી.

ગોયલે કહ્યું કે, કોકરોચનું પૂતળું સળગાવવાનો હેતુ અસત્ય પર સત્યના વિજય અને સ્વચ્છતાના સંદેશને દ્રઢ કરવાનો છે.

ગોયલે જણાવ્યું કે, રાવણની સેનામાં અન્ય ‘અસૂરો’ની સાથે ‘કોકરોચ’ પણ સામેલ હશે.

આ નિર્ણય રાષ્ટ્રીય રાજધાનીમાં ‘કોકરોચ જનતા પાર્ટી’ના વિરોધ પ્રદર્શનોની પૃષ્ઠભૂમિમાં આવ્યો છે, જેણે પહેલા પૂર્વ શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન વિરુદ્ધ અને હવે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ સાથે વિરોધ પ્રદર્શનો કર્યાં છે.

જૂન અને જુલાઈમાં આ જૂથ જંતર મંતર પર એક મહિના કરતાં વધુ સમય સુધી ધરણાં પર બેઠું હતું અને 20 જુલાઈએ સંસદ તરફ કૂચ કરી હતી, જેના કારણે આખરે પ્રધાને મંત્રી પદેથી રાજીનામું આપવું પડ્યું હતું.

# અમેરિકામાં હિન્દુ મંદિર પર મોટા હુમલાનું કાવતરું નિષ્ફળ

**૧૯** વર્ષીય શ્વેત સર્વોપરીવાદી કિશોરની ધરપકડ

**ભારતીયો** વિરુદ્ધ હિંસા દર્શાવતો મેનિફેસ્ટો જપ્ત



ન્યૂયોર્ક, તા. 15 (પીટીઆઈ): અમેરિકાના ઇલિનોઇસ રાજ્યમાં હિન્દુ પૂજા સ્થળ પર ‘મોટા પાયે ગોળીબાર’નું કથિત પ્લાનિંગ કરવા બદલ એક કિશોરની ધરપકડ કરવામાં આવી છે. તપાસકર્તાઓએ શ્વેત સર્વોપરિતાવાદી વિચારધારા અને ભારતીય મૂળના લોકો વિરુદ્ધ હિંસાના સંદર્ભો દર્શાવતો એક મેનિફેસ્ટો જપ્ત કર્યો છે.

પેલેટાઇન ગામના 19 વર્ષીય એલેક્ઝાન્ડ્રોસ પાપોરાકિસની 11 ઓક્ટોબરે ધરપકડ કરવામાં આવી હતી અને તેના પર આતંકવાદી ધમકી આપવા તથા ગેરકાયદેસર રીતે હથિયાર રાખવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. તપાસકર્તાઓના જણાવ્યા અનુસાર, આ યુવકે ઇલિનોઇસના ઓરોરા શહેરમાં આવેલા પૂજા સ્થળને સંભવિત નિશાન બનાવીને ગોળીબાર કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તેની બંદૂક જામ થઈ ગઈ હતી, જેના કારણે તેને પરત ઘરે જવાની ફરજ પડી હતી. આ એક એવું પગલું હતું જેનાથી એક મોટો હત્યાકાંડ અટકી ગયો હતો. સત્તાવાળાઓ દ્વારા ચોક્કસ કયા સ્થળને નિશાન બનાવવાનું હતું તેનો ખુલાસો કરવામાં આવ્યો નથી.

પેલેટાઇન પોલીસ ડિટેક્ટિવ્સે ઇલેક્ટ્રોનિક કોમ્યુનિકેશન્સ અને પાપોરાકિસના નામે લખાયેલા “વાય આઈ ફોટ: એ.કે.એ.: (ઓરોરા શૂટર્સ મેનિફેસ્ટો)” શીર્ષકવાળા દસ્તાવેજની તપાસ કરી, જેમાં “શ્વેત સર્વોપરિતાવાદી અને આતંકવાદી વિચારધારાઓ વ્યક્ત કરતા નિવેદનો સામેલ છે, જેમાં દક્ષિણ એશિયન મૂળના લોકો, ખાસ કરીને ભારતીય મૂળના લોકો વિરુદ્ધ હિંસાના સંદર્ભો છે.” ડિટેક્ટિવ્સ માને છે કે, પાપોરાકિસ 11 ઓક્ટોબરે આ હુમલો કરવા માટેનું પ્લાનિંગ કરી રહ્યો હતો.

# સમગ્ર દેશમાંથી દક્ષિણ-પશ્ચિમ ચોમાસાની વિદાય

**સામાન્ય** કરતાં ૧૨.૬% ઓછો વરસાદ નોંધાયો

**દેશના** કેટલાક ભાગોમાં ઉત્તર-પૂર્વ ચોમાસાનો પ્રારંભ

**તમિલનાડુ,** આંધ્રપ્રદેશ અને કેરળ સહિતના રાજ્યોમાં ૨૧ ઓક્ટોબર સુધી ભારે વરસાદની આગાહી

નવી દિલ્હી, તા. 15 (પીટીઆઈ): સમગ્ર દેશમાંથી ગુરુવારે દક્ષિણ-પશ્ચિમ ચોમાસાની વિદાય થઈ ગઈ છે. એમ જણાવતા ભારતીય હવામાન વિભાગ (આઈએમડી)એ નોંધ્યું હતું કે તે જ દિવસે દક્ષિણ ભારતના કેટલાક ભાગોમાં ઉત્તર-પૂર્વ ચોમાસાનો વરસાદ શરૂ થયો હતો.

ભારતીય હવામાન વિભાગે ઉમેર્યું હતું કે,

તમિલનાડુ, પુડુચેરી, કરાઈકલ, દરિયાકાંઠાના આંધ્ર પ્રદેશ, રાયલસીમા, દક્ષિણ આંતરિક કર્ણાટક, કેરળ અને માહેમાં ઉત્તર-પૂર્વ ચોમાસા હેઠળ વરસાદ પડ્યો હતો. હવામાન વિભાગે પોતાના દૈનિક પૂર્વાનુમાનમાં જણાવ્યું હતું કે, “ઉત્તર-પૂર્વ ચોમાસાના પ્રારંભ સાથે 21 ઓક્ટોબર સુધી દક્ષિણ દ્વીપકલ્પીય ભારતના ઘણા ભાગોમાં અલગ-અલગ જગ્યાએ ભારે વરસાદ પડવાની શક્યતા છે.”

ભારતમાં બે નોંધપાત્ર પ્રકારના ચોમાસા હોય છેઃ દક્ષિણ-પશ્ચિમ ચોમાસું, જે જૂનથી સપ્ટેમ્બર સુધી સક્રિય રહે છે અને ઉત્તર-પૂર્વ ચોમાસું - જેને પરત ફરતા ચોમાસા તરીકે પણ ઓળખવામાં આવે છે - જે ઓક્ટોબરથી ડિસેમ્બર સુધી દેશના કેટલાક ભાગોને અસર કરે છે.

દક્ષિણ-પશ્ચિમ ચોમાસું દેશના અર્થતંત્રમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે, ખાસ કરીને ખરીફ પાકની મોસમ પર તેની સીધી અસર પડે છે.

ઉત્તર-પૂર્વ ચોમાસું, જે દક્ષિણ-પશ્ચિમ ચોમાસા કરતાં ઓછું તીવ્ર હોય છે, તે રવિ પાકના વિકાસ માટે મહત્ત્વપૂર્ણ છે.

ભારતીય હવામાન વિભાગ અનુસાર, આ વર્ષનું દક્ષિણ-પશ્ચિમ ચોમાસું 759.4 મિલીમીટર વરસાદ સાથે પૂર્ણ થયું હતું, જે 868.6 મિલીમીટરના સામાન્ય વરસાદ કરતાં 12.6 ટકા ઓછો છે.

વરસાદની અછત પાછળનું એક મુખ્ય કારણ ઉષ્ણકટિબંધીય પ્રશાંત મહાસાગર પર પ્રવર્તતી અલ નીનો સ્થિતિ રહી છે, જે જૂનમાં ઊભરી આવી હતી અને ત્યારથી મજબૂત થઈ રહી છે.

## ધર્માંતરણ મુદ્દે સુપ્રીમ કોર્ટનો મહત્વપૂર્ણ ચુકાદો

# ઈસ્લામ અંગીકાર કરવા માત્રથી પછાત વર્ગના અનામતનો દાવો ન કરી શકાય

**તમિલનાડુ** સરકારનો સરકારી આદેશ રદ કરવાનો મદ્રાસ હાઇકોર્ટનો ચુકાદો સર્વોચ્ચ અદાલતે અકબંધ રાખ્યો

પીટીઆઈ, નવી દિલ્હી, તા. 15 સુપ્રીમ કોર્ટે ગુરુવારે એક સીમાચિહ્નરૂપ ચુકાદામાં સ્પષ્ટ કર્યું છે કે હિન્દુ ધર્મમાંથી ઈસ્લામ અંગીકાર કરનાર વ્યક્તિ માત્ર ધર્માંતરણના આધારે પછાત વર્ગ માટેના અનામતના લાભો મેળવવા હકદાર બનતી નથી. જસ્ટિસ પ્રશાંત કુમાર મિશ્રા અને જસ્ટિસ શ્રી ચંદ્રશેખરની પીઠે તમિલનાડુ સરકારની અરજી ફગાવી દેતા મદ્રાસ હાઈકોર્ટના 25 જૂનના આદેશને યોગ્ય ઠેરવ્યો હતો. અદાલતે જણાવ્યું કે હિન્દુ ધર્મ છોડીને ઈસ્લામ કે અન્ય બિન-હિન્દુ ધર્મ અપનાવવાથી મૂળ જાતિ કે પછાતપણું આપોઆપ મુસ્લિમ પછાત વર્ગમાં ટ્રાન્સફર થતું નથી, કે કોઈ ખાનગી ધાર્મિક સંસ્થા આવો સબંધિત અધિકાર નક્કી કરી શકે નહીં.

સર્વોચ્ચ અદાલતે બંધારણના અનુચ્છેદ 16(4)નો ઉલ્લેખ કરતા જણાવ્યું કે પૂર્વ-ધર્માંતરણ સમયનું પછાતપણું નવી ધાર્મિક ઓળખમાં આગળ ખેંચી શકાય નહીં. બંધારણીય આદેશ 1950 અનુસાર હિન્દુ, શિખ કે બૌદ્ધ સિવાયના ધર્મના વ્યક્તિને અનુસૂચિત જાતિના સભ્ય ગણી શકાય નહીં. તમિલનાડુ સરકારે 9 માર્ચ 2024ના સરકારી આદેશ દ્વારા ધર્માંતરણ કરનારાઓને ‘મુસ્લિમ લેબ્બાઈ’ પછાત સમુદાય તરીકે અનામત આપવાની જોગવાઈ કરી હતી, જેને હાઈકોર્ટે ગેરબંધારણીય ઠેરવી રદ કરી હતી. આ કેસ સમીર અહમદ નામના વ્યક્તિ સાથે જોડાયેલો હતો, જેમણે 2015માં હિન્દુ ધર્મ છોડી ઈસ્લામ અપનાવ્યો હતો અને ત્યારબાદ અનામત માટે પ્રમાણપત્ર માંગ્યું હતું. સુપ્રીમ કોર્ટે વધુમાં સ્પષ્ટ કર્યું કે ધર્માંતરણ બાદ પુનઃ હિન્દુ ધર્મમાં વાપસી (પુનઃ ધર્માંતરણ) થાય તો પણ મૂળ જાતિનો પુનર્જન્મ થયો છે કે નહીં તેનો ફેંસલો સક્ષમ સત્તામંડળ દ્વારા સ્વતંત્ર તપાસ બાદ જ થઈ શકે.

સુપ્રીમ કોર્ટના મુખ્ય અવલોકનો

**અનુચ્છેદ 16(4)નો વ્યાપ:** બિન-હિન્દુ ધર્મ અપનાવવાથી જ હિન્દુ સામાજિક વ્યવસ્થા આધારિત કાનૂની અનામતના અધિકારોનો અંત આવે છે.

**કોમ્યુનિટી સર્ટિફિકેટ:** જાતિ કે સમુદાયનું પ્રમાણપત્ર માત્ર ઘોષણાત્મક છે, તે નવો સામાજિક દરજ્જો ઊભો કે પ્રદાન કરી શકતું નથી. **પુનઃ ધર્માંતરણ નિયમ:** ઈસ્લામ કે અન્ય ધર્મમાંથી ફરી હિન્દુ ધર્મમાં આવનારને અનામત આપતા પહેલા તેમની મૂળ જાતિનો પુનર્જન્મ થયો છે કે નહીં તેની તથ્ય-આધારિત તપાસ જરૂરી છે.

# જમ્મુ-કાશ્મીરમાં અનેક સ્થળોએ ધોધમાર વરસાદ

**તાજી** હિમવર્ષાથી ઊંચા પહાડો સફેદ ચાદરથી ઢંકાયા

શ્રીનગર/જમ્મુ, તા. 15 (પીટીઆઈ): ગુરુવારે જમ્મુ-કાશ્મીરના કેટલાક મેદાની વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો, જ્યારે ખીણ પ્રદેશના ઊંચા વિસ્તારો રાત્રિની તાજી હિમવર્ષાને કારણે સફેદ ચાદરથી ઢંકાયેલા રહ્યા હતા, જેના કારણે અધિકારીઓએ મહત્ત્વપૂર્ણ રસ્તાઓ પરથી બરફ હટાવવા માટે માણસો અને મશીનરી કામે લગાડ્યા હતા. એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

હવામાનના ડેટા અનુસાર, જમ્મુ ક્ષેત્રના ઉધમપુરમાં સૌથી વધુ 2.35 ઈંચ વરસાદ નોંધાયો હતો, ત્યાર બાદ પુંછ (1.56 ઈંચ), સાંબા (1.34 ઈંચ), શોપિયાં (1.34 ઈંચ), બારામુલ્લા (1.14 ઈંચ), કટરા (0.91 ઈંચ), રામબન (0.67 ઈંચ), અનંતનાગ (0.63 ઈંચ), કુલગામ (0.71 ઈંચ) અને જમ્મુ (0.30 ઈંચ)માં વરસાદ નોંધાયો હતો.

અધિકારીઓએ જણાવ્યું કે, જમ્મુમાં ભારે વરસાદને કારણે અનેક વિસ્તારોમાં પૂર જેવી સ્થિતિ પણ સર્જાઈ હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે, રાત્રિ દરમિયાન શ્રીનગર (0.47 ઈંચ) સહિત ખીણ પ્રદેશમાં વ્યાપક વરસાદ વરસ્યો હતો અને ગુરુવાર સવાર સુધી ચાલુ રહ્યો હતો, જ્યારે મોટા ભાગના વિસ્તારોમાં વાતાવરણ વાદળછાયું રહ્યું હતું. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, જમ્મુ-કાશ્મીરમાં ગુરુવારે પણ વરસાદ અને જોરદાર પવન ફૂંકાવાની સંભાવના છે, તેમ જ અલગ-અલગ જગ્યાએ કરા પડવાની અને ઊંચા વિસ્તારોમાં હિમવર્ષાની ચેતવણી આપવામાં આવી છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે, ઊંચા વિસ્તારોના કેટલાક વિસ્તારોમાં સતત ત્રીજી રાત્રે પણ તૂટક તૂટક હિમવર્ષા થઈ હતી.

## દિલ્હીમાં વરસાદી વાતાવરણ, વધુ એક વરસાદી રાઉન્ડની આગાહી

નવી દિલ્હી, તા. 15 (પીટીઆઈ): ગુરુવારે દિલ્હીમાં વરસાદ વરસ્યો હતો, જેમાં આખો દિવસ આકાશ કાળા ડિબાંગ વાદળોથી ઘેરાયેલું રહ્યું હતું, જ્યારે ભારતીય હવામાન વિભાગ (આઈએમડી) દ્વારા મધ્યમ વરસાદ, વાવાઝોડા, વીજળીના ચમકારા અને તોફાની પવનો માટે રેડ એલર્ટ જારી કરવામાં આવ્યું હતું.

બપોરે 1 વાગ્યે આઈએમડીએ સમગ્ર શહેરમાં ઘણા સ્થળોએ મધ્યમ વરસાદની આગાહી કરી હતી, જેની સાથે વાવાઝોડું, વીજળીના ચમકારા અને 30થી 40 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવનો ફૂંકાવા તેમજ 50 કિલોમીટર પ્રતિ કલાક સુધીના જોરદાર ઝાપટાં રહેશે. આ એલર્ટ બપોરે 3 વાગ્યા સુધી માન્ય હતું.

હવામાન વિભાગે પ્રતિ કલાક 5થી 15 મિલીમીટરના દરે મધ્યમથી તીવ્ર વરસાદની આગાહી કરી હતી.

# RSSનો વિજયદશમી ઉત્સવ: જગદીપ ધનખડ બનશે ખાસ મહેમાન

નાગપુર, તા. 15 (પીટીઆઈ): ભારતના પૂર્વ ઉપ-રાષ્ટ્રપતિ જગદીપ ધનખડ અને મિડવેસ્ટ ઈન્ડિયાના ઈઝરાયેલના કોન્સુલ જનરલ યાનિવ રેવાચને નાગપુરમાં 20 ઓક્ટોબરે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વિજયદશમી કાર્યક્રમમાં મહેમાન તરીકે આમંત્રિત કરવામાં આવ્યા છે. એમ સંઘે જણાવ્યું છે. બુધવારે સંઘ દ્વારા જારી કરાયેલી એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે કે, નાગપુરના રેશિમબાગ ખાતે યોજાનાર આ કાર્યક્રમમાં આરએસએસ વડા મોહન ભાગવત મુખ્ય પ્રવચન આપશે. યાદીમાં જણાવવામાં આવ્યું છે કે, દૈનિક જગરણના એડિટર-ઇન-ચીફ સંજય ગુપ્તા આ ઈવેન્ટના મુખ્ય અતિથિ રહેશે. સંઘે જણાવ્યું હતું કે, “આ વર્ષે સંઘની શતાબ્દી વર્ષની પૂર્ણાહુતિ નિમિત્તે વિજયદશમી ઉજવણી માટે આમંત્રિત મહેમાનો પૂર્વ ઉપ-રાષ્ટ્રપતિ જગદીપ ધનખડ અને મિડવેસ્ટ ઈન્ડિયા પ્રદેશ માટે ઈઝરાયેલના કોન્સુલ જનરલ યાનિવ રેવાચ હશે.” જુલાઈ 2025માં તબીબી કારણો ટાંકીને ધંખડે ઉપ-રાષ્ટ્રપતિ અને રાજ્યસભાના અધ્યક્ષ પદેથી અચાનક રાજીનામું આપી દીધું હતું. કોંગ્રેસે ધનખડને સંઘના આમંત્રણને લઈને મોદી સરકાર પર પ્રહાર કરતાં કહ્યું છે કે “ઈકોસિસ્ટમ પોતાની સાથે જ યુદ્ધમાં છે.”